

(તસવીર : દિપક જાની)

# સાતમી જુલાઈ બાદ સારો વરસાદ

**કોન્ટીજેન્સી પ્લાન તૈયાર : અલ નીનોની અસર ઘટી રહી હોવાનો કૃષિ પ્રધાનનો દાવો : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અતિમહત્વપૂર્ણ બેઠક : મોનસુનની સ્થિતિ અને ફૂડ સિક્યુરિટી એક્ટના અમલીકરણના સંદર્ભમાં બે કલાક સુધી ચર્ચા**

નવી દિલ્હી,તા. ૨૬

મોનસુનને લઈને દેશભરમાં ચિંતાનું મોજું પ્રવર્તી રહ્યું છે ત્યારે કૃષિપ્રધાન રાધામોહનસિંહે આજે કહ્યું હતું કે, ૭ જુલાઈ બાદ સારો વરસાદ થશે. મોનસુની વરસાદની સ્થિતિમાં સુધારો થશે. કૃષિ પ્રધાને દાવો કર્યો હતો કે, મોનસુનની સ્થિતિમાં ૭ જુલાઈ બાદ સુધારો થશે. પરંતુ સરકાર ઓછા વરસાદની સ્થિતિમાં પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફૂડ સિક્યુરિટી એક્ટના અમલ અને મોનસુનની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠક બે કલાકથી પણ વધુ સમય સુધી ચાલી હતી. જેમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી, ગૃહપ્રધાન રાજનાથસિંહ, ખાદ્યાન પ્રધાન રામવિલાસ પાસવાન અને કૃષિ પ્રધાન રાધામોહનસિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કૃષિ પ્રધાને કહ્યું હતું કે, ફૂડ સિક્યુરિટી એક્ટ અને દુષ્કાળની સ્થિતિના

● અનુસંધાન પાન-૭ પર

જે ખરેખર સંત છે તેની પાસે સત્યો અનંત છે.. જે બની બેઠેલ સંત છે તેની પાસે સત્યોનો અંત છે

\- ભક્તિસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૭ ૨૭ જૂન, ૨૦૧૪, શુક્રવાર; જેઠ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### રેલ્વેની તત્કાલ સુવિધા હવે બંધ થશે

છેક છેલ્લી ઘડીએ પ્રવાસ



કરનારા પ્રવાસીઓ માટે ઉપયોગી એવી રેલવેની તત્કાલ સુવિધાને બંધ કરવાની જાહેરાત આઠમી જુલાઈએ રેલવે બજેટમાં થવાની શકયતા છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર હવે વેઈટીંગ લિસ્ટને પણ બંધ કરવા માંગે છે. એના સ્થાને ટ્રેનમાં વધારાના ડબ્બા જોડવામાં આવશે. અથવા એ માર્ગ પર વધારાની ટ્રેન દોડાવવામાં આવશે.

### હવે ફક્ત દસ દિવસમાં પાસપોર્ટ

પાસપોર્ટ મેળવવાની અરજી કર્યા બાદ દસ્તાવેજોની ખરાઈ માટે પોલીસ દ્વારા



બગાડવામાં આવતો સમય હવે ઓછો કરી પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયાને ઝડપી બનાવાશે. અરજી કર્યા બાદ દસ્તાવેજો-ઓળખપત્રોની ખરાઈ હવે ચાર દિવસની અંદર જ પૂર્ણ થઈ જશે. અરજી કર્યાના દસ જ દિવસમાં હવે પાસપોર્ટ ઈસ્યુ થઈ જશે.

# અછતને પહોંચવા કેન્દ્રીય સહાય મંગાશે

**આગામી સપ્તાહમાં કેન્દ્રને આવેદન પત્ર અપાશે : ૧૦ જિલ્લાઓમાં અછતની સ્થિતિ ઘેરી બની રહી છે**



ગાંધીનગર, તા. ૨૬

રાજયમાં વરસાદ ખેંચાતાં ઉભી થઈ રહેલી પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકાર આગામી સપ્તાહમાં કેન્દ્ર સરકાર પાસે સહાય માંગવા માટે આવેદનપત્ર તૈયાર કરી રહેલ છે.

રાજય સરકાર દ્વારા જે પ્રાથમિક અહેવાલ તૈયાર કરાયો છે તેમાં ૧૦ જિલ્લાઓમાં પાણીની અછત ઉપરાંત ઘાસચારાની પણ તંગી ઉભી થાય તેવી શકયતાઓ છે. ગયા વર્ષે પણ આવી સ્થિતિ ઉભી થઈ હતી ત્યારે કેન્દ્ર પાસે રાજય સરકારે મદદનો હાથ લંબાવ્યો હતો અને કેન્દ્રના તત્કાલીન કૃષિ મંત્રી શ્રી શરદ પવાર તથા ગ્રામ વિકાસ રાજયમંત્રી શ્રી જયરામ રમેશ ગાંધીનગર દોડી આવ્યા હતા.

મળતા નિર્દેશો પ્રમાણે રાજય સરકારે અછત અને અર્ધઅછતની સ્થિતિ જાહેર કરવા માટે પણ મન બનાવી લીધું છે અને ટૂંક જ સમયમાં આ દિશામાં આગળ વધવામાં આવશે.

જો કે ગયા વર્ષે જુલાઈમાં ચોમાસુ સક્રિય થતાં અછત અને અર્ધઅછતની સ્થિતિની પુનઃ સમીક્ષા રાજય સરકારે કરી અગાઉ જાહેર કરેલી સ્થિતિના હુકમો પાછા ખેંચ્યા હતા. સરકાર ૫મી જુલાઈ સુધી ચોમાસાના વરસાદની રાહ જુએ તેવી શકયતાના નિર્દેશો મળી રહ્યા છે.

દરમિયાન આજે રાજયના અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી જેમાં પણ વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં દરેક પ્રભારી સચિવને તેમના જિલ્લાઓની મુલાકાત લઈ અને પેયજળ તેમજ ઘાસચારાની સ્થિતિ અંગે સમીક્ષા કરી રાજય સરકારને તાત્કાલિક અહેવાલ આપવા માટે જણાવાયું છે.

દરમિયાન મળતા નિર્દેશો મુજબ અછતની સ્થિતિ જાહેર કરતાંની સાથે સરકાર કેટલાક કરકસરના પગલાંની પણ જાહેરાત કરે તેવી શકયતાઓ છે.

## જળાશયોમાં પાણી અને પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયમાં વર્ષાઋતુના આગમનમાં વિલંબથી સર્જાયેલી પરિસ્થિતી સંદર્ભે રાજયના જિલ્લાઓના પ્રભારી સચિવશ્રીઓ સંબંધિત જિલ્લામાં રૂબરૂ જઈને જિલ્લાની પીવાના પાણી, જળાશયોમાં જળ ઉપલબ્ધિ, પશુધન માટે ઘાસચારો વગેરેની સર્વગ્રાહી સ્થિતીની સંપૂર્ણ માહિતીનો વિગતે અહેવાલ રજૂ કરે તેવી સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અંગે

● અનુસંધાન પાન-૭ પર



શાંતિનો સંદેશ - ભગવાન જગન્નાથની રથયાત્રા પૂર્વે કોમી એકતાના સંદેશ માટે શાંતિદૂત તરીકે ઓળખાતા કબૂતરને ગુરૂવારે મંદિર પ્રાંગણમાંથી પૂજ્ય દિલીપદાસજી બાપુ અને મુસ્લિમ અગ્રણીઓએ સંયુક્ત રીતે ઉડાડ્યા હતા. જમાલપુર વિસ્તારમાં ભગવાન જગન્નાથજીના મંદિરથી નીકળતી રથયાત્રા એ ગુજરાતની કોમી એકતાનું પ્રતિક છે... હિંદુ-મુસ્લિમ સાથે રહીને એક-મેકને પૂરક બની રથયાત્રા મહોત્સવ ઉજવે છે... પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ મુસ્લિમ આગેવાનો મહંતને શુભેચ્છા પાઠવવા મંદિરે ગયા હતા.

## પંજાબના કૃષિમંત્રી ગાંધીનગરમાં

### મુખ્યમંત્રી અને કલેક્ટર ઓફિસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૬

આજે પંજાબના કૃષિમંત્રી શ્રી ટોટાસિંઘની આગેવાનીમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે ગાંધીનગર કલેક્ટર કચેરી સહિત રાજયના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.

આ પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની પણ મુલાકાત લીધી હતી તેમજ સ્વાગત કાર્યક્રમ દ્વારા પ્રજાના પ્રશ્નોનો થતો નિકાલ જોઈ ખુશી વ્યક્ત કરી હતી.



આજે બપોરે ૪.૩૦ ના સુમારે આ ટીમ જિલ્લા સેવા સદન ખાતે આવી પહોંચી ત્યારે જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ અને અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાએ ટીમનું સ્વાગત કર્યું હતું.

**એકેડેમી ફોર એક્સલન્સ**

**GPSC I/IIના રાહત દરના તાલીમ વર્ગો**

બ્રહ્મભવન ખાતે તા. ૧/૭/૨૦૧૪થી GPSC I/IIની આગામી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવનાર છે.

ફી : રૂ. ૭૫૦૦/-
સમય ગાળો : ૩ મહિના

રસ ધરાવતા તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓએ સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટની નકલ અને બે પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે રૂબરૂ મળો અને વધુ માહિતી મેળવવા માટે સંપર્ક કરો. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬

**GPSC (1/2)** Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
**CSAT/GS** 351 કુલ જગ્યાઓ

નોકરી / ધંધો તથા અભ્યાસ કરતા ઉમેદવારો માટે સ્પેશ્યલ સમયને અનુરૂપ નવી બેચ શરૂ !

રવિવાર માટેની સ્પેશ્યલ બેચ
બેચ શરૂ તા. : 06.07.14
સમય : સવારના 8.45 થી 3
ભણવાના દિવસ : રવિવાર

શનિ / રવિની ખાસ બેચ
બેચ શરૂ તા. : 12.07.14
સમય : સાંજના 6.30 થી 10.30
ભણવાના દિવસ : શનિ / રવિ

સોમ થી શુક્ર (રાત્રિ ની બેચ)
બેચ શરૂ થવાની તા. : 09.07.2014
બેચનો સમય : રાત્રિના 8.45 થી 10.45

સોમ થી શુક્ર (સાંજની બેચ)
બેચ શરૂ થવાની તા. : 02.07.2014
બેચનો સમય : સાંજના 6.30 થી 8.30

સોમવાર થી શુક્રવાર
(1) બેચ શરૂ થવાની તા. : 04.07.2014
સમય : સવારના 10.30 થી 12.30
(2) બેચ શરૂ થવાની તા. : 26.06.2014
બેચનો સમય : સાંજના 4.15 થી 6.15

GPSC (1/2) GPSC (1/2)

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી ₹ 28,000/- (M) ₹ 24,000/- (F)
પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)

માસ્ટર કોર્ષ-2014 તલાટી / કલાર્ક (વર્ગ-૩ માટે જ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M) ચાર (4) માસનો કોર્ષ
સોમ થી શુક્ર 21.6.14 બપોરના 12-45 થી 2-15 27.6.14 બપોરના 2-30 થી 4-00

**TCCI EDUCATION PVT. LTD.**

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

પ્રથમ માળ, વિરાગ પ્લાઝા, આર્વન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%

**ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી., સેક્ટર-૨૧, ગાંધીનગર**

**વિકાસ પેનલ**

"આપનો સહકાર બેંકનો વિકાસ"

| ક્રમ | ફોટો | ઉમેદવારનું નામ | | ક્રમ | ફોટો | ઉમેદવારનું નામ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | પટેલ અશોકકુમાર ચતુરભાઈ<br>ડાયરેક્ટર શ્રી(કે.અશોકકુમાર શ્રોફ), MRF ટાયર - સે.-૫ | | ૯ | | પટેલ પ્રકાશભાઈ રામભાઈ<br>ડીરેક્ટરશ્રી, બિલ્ડર્સ અને ગાંધીનગર મહાનગરપાલિકા કાઉન્સીલર | |
| ૨ | | પટેલ કાલીદાસ વિઠ્ઠલભાઈ<br>પૂર્વ ચેરમેનશ્રી - સ્થાપક ડીરેક્ટર શ્રી, અંબિકા ટ્રેડર્સ, સે.-૨૨ | | ૧૦ | | પટેલ પરસોત્તમભાઈ માધવલાલ<br>પૂર્વ મેનેજીંગ ડીરેક્ટરશ્રી સ્થાપક ડિરેક્ટરશ્રી | |
| ૫ | | પટેલ ચંદુભાઈ હરીભાઈ<br>મેનેજીંગ ડીરેક્ટર, નવદીપ માર્બલ, સે.-૨૮ | | ૧૧ | | પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ<br>ડીરેક્ટરશ્રી | |
| ૬ | | પટેલ ડાહ્યાભાઈ ત્રિભોવનભાઈ(ડી.ટી.પટેલ)<br>બેંકના સ્થાપક મેનેજીંગ ડીરેક્ટરશ્રી તથા હાલના ચેરમેન શ્રી | | ૧૨ | | પટેલ પ્રહલાદભાઈ શંકરભાઈ (પીટર)<br>ડીરેક્ટરશ્રી, લક્ષ્મી ટ્રેડર્સ- સે.-૨૨ | |
| ૭ | | પટેલ નટુભાઈ રામાભાઈ<br>ડીરેક્ટરશ્રી તથા નિવૃત ના.કા.ઈ.શ્રી.મા.મ.વિભાગ | | ૧૩ | | પટેલ બીપીનભાઈ વિઠ્ઠલભાઈ<br>વાઈસ ચેરમેન (મુકેશ ટ્રેડલીંગ પ્રા.લી. સે.-૧૧) | |

શ્રી ગિરીશચંદ્ર તારાચંદભાઈ ઝાટકીયા વિકાસ પેનલને સમર્થન જાહેર કરે છે.

દરેક સભાસદે ૧૦ મત આપવા ફરજીયાત છે. ● મતદાન માટે બેંક દ્વારા આપવામાં આવેલ ઓળખ કાર્ડ અથવા કોઈપણ ફોટો આઈ.ડી. સાથે લાવવું ફરજિયાત છે.

તારીખ : ૨૯-૬-૨૦૧૪, સમય : સવારે ૮ થી સાંજે ૫ કલાક ● ચૂંટણી સ્થળ : સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૧, અપના બજાર પાછળ, ગાંધીનગર